સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

સલામી સવારની..

તને ગમે ન ગમે એવી એક વાત કહેવી છે,
સાંભળો કે ન સાંભળો, ખાનગી વાત કહેવી છે
કરવી છે જાત હળવી ઉતારી ભાર હૃદયનો -
જોવું છે મોઢ હાસ્ય, માત્ર આજે વાત કરવી છે....

હાઈકુ

સાંભળે કોણ ?
કહેવું તો છે ઘણું -
જગત બ્હેરું...

દેખાય નહીં
શંકા આંજેલી આંખે
રંગીન સ્વપ્નાં...

ચિંતન

યત્કૃતં સ્વપ્નવેલાયાં પુણ્યં વા પાપમુલ્બણમ્ ।
સુપ્તોત્થિતસ્ય કિં તત્ સ્યાત્ સ્વર્ગીય નરકાય વા ॥

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણી ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

સ્વપ્નમાં અતિ ઉગ્ર જે પુણ્ય કે પાપ કર્યું હોય તે શું ઊંઘીને ઊઠેલાને સ્વર્ગ કે નરક આપી શકે ?

કલિયુગમાં માત્ર વૈચારિક કલ્પનાઓ (સારી કે ખરાબ) કરેલી ક્રિયાઓનું પાપ કે પુણ્ય ફળ મળતું નથી. મનથી કરેલા વિચાર સારા વાચન કે સત્સંગથી સારા આવે છે અને દુષ્ટસંગ અને દુષ વાચનથી ખરાબ વિચાર સ્વપ્ન આવે છે.

સત્સંગ અને સ્વાધ્યાયથી ચારિત્ર્ય - વિચાર ઉત્તમ થાય છે.

સુવિચાર

- તિરસ્કાર દેખાડવાનો ઉત્તમ રસ્તો મૌન છે - **બર્નાડ શો**
- ઉંદર ને સાપ ગળી જાય છે, માનવીને દેવું - **કહેવત**
- દુઃખ સંકટ તમારી મુલાકાતે બીજીવાર ન આવે તેવું તમે ઈચ્છતા હોય તો પહેલીવાર આવીને તે જે પાઠ શીખવા ગયાં હોય તે બરાબર શીખી લો - **મિલ્ટન**
- હંમેશા દુઃખી કોણ છે - વિષયાનુરાગી - **શંકરાચાર્ય**
- કષ્ટ સહન કરવાની શક્તિ, કામ કરવાની શક્તિ કરતાં અનેકગણી શ્રેષ્ઠ છે - **પ્રણવાનંદજી**
- દાન જગતનો પ્રાકૃત ધર્મ છે. માણસ નકામો ડરે છે,
  એક દિવસે તો બધું જ આપીને જવું પડશે - **એસ. ભટ્ટાચાર્ય**
- લેખક નો અંતિમ ઉદ્દેશ્ય તો માનવ સભ્યતાને સમાપ્ત થતી બચાવવાનો જ હોવો જોઈએ - **ખલીલ જીબ્રાન**
- આજનું ઔષધ : મેલેરીયાના તાવમાં નગોડના પાનનો રસ ગૌમૂત્ર સાથે મેળવી સવાર-સાંજ એક એક ચમચી આપવાથી તરત રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

વિશ્વ પ્રસિદ્ધ ગ્રંથ 'દાસ કેપિટલ' ના સર્જક સામ્યવાદના પ્રણએતા એવા કાર્લ માર્ક્સ રસ્તા પરથી પસાર થતા હતા. ત્યારે તેમણે એક મજૂરને દીવાલ ધોળતો હતો તે જોયું. કાર્લ થોડીકવાર પેલા મજૂર પાસે થંભી ગયા અને જોયું. કાર્લ થોડીકવાર પેલા મજૂર પાસે થંભી ગયા અને જોયું અને બોલ્યા. દોસ્ત, ઓછા સમયમાં ઓછા રંગથી આ દિવાલ રંગી શકાય તેમ છે. તમને એની ટેકનિક બતાવું ? દિવાલ ધોળનારો મજૂર વર્ષોથી આ જ કામ કરી રહ્યો હતો અને આજે તો એનો શેઠ પણ આ જોવા માટે હાજર હતો. શેઠે અને મજૂરે કાર્લને કહ્યું, 'અમને ધોળવાની કોઈ નવી રીત હોય તો શીખવાડો.' માર્કસ તો કૂચડો અને રંગનો ડબ્બો લઈ કામમાં તલ્લીન થઈ ગયો. ત્રણ કલાકમાં તો એમણે આખી દીવાલ રંગી નાખી. શેઠ તો ખુશ થઈ ગયો. એણે કાર્લ માર્કસને પારિશ્રમિક અને ઈનામ આપવા લાગ્યા. માર્કસે કહ્યું, 'શેઠ, આ કામ તો તમારા કારીગરનું છે. મેં તો માત્ર થોડી બુદ્ધિ દોડાવી છે.' શેઠે કહ્યું, 'ભાઈ, બુદ્ધિ વાપરવી જ મહત્ત્વની છે, અને અમારો સમય અને રંગ બંનેની ભારે ભચત થઈ છે.' કાર્લ માર્ક્સે કહ્યું, 'તમારી વાત સાચી છે, પરંતુ જો હું આ મજૂરની રોજી લઈ લઉં તો એ શું કરશે ? મારાથી એનું પારિશ્રમિક લઈ શકાય નહિ.' આટલું કહી કાર્લે પારિશ્રમિક અને ઈનામની રકમ મજૂરને આપી ચાલતી પકડી.

ઐતિહાસિક અભિગમ

ઈંદોરની સૈફી મસ્જિદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભવ્ય સન્માન સાંપડ્યું તે બદલાઈ રહેલા રાજકારણની તાસીર છે. દાઉદી વ્હોરા સમાજ ધર્મગુરુ પરંપરાને માને છે. એ સંદર્ભે સુન્ની અને શિયા એવા બે સ્પષ્ટ ભાગલા મુસ્લિમ ધર્માનુયાયીઓમાં પ્રવર્તી રહ્યા છે. શિયા મુસલમાનો મહંમદ પયંગબરના દૌહિત્રના વંશના વારસદારો પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવે છે. મોહરમની માતમ કર્બલા ખાતે એ મહાન લોકનાયકની શહીદીની સ્મૃતિમાં જ મનાવાય છે. ભારતમાં વ્હોરા સમુદાય પ્રામાણિક, ખુદાનો ખોફ રાખનારા વેપારી કોમ તરીકે જાણીતો છે. એટલે એ કયારેક સાંપ્રદાયિક વૈમનસ્યથી પીડાતો નથી. ઈસ્લામના આ અનુયાયીઓને દુનિયા આખી અમન અને શાંતિ-ભાઈચારામાં શ્રદ્ધા ધરાવતા સમુદાય તરીકેની પ્રતિષ્ઠા સાંપડેલ છે. ગુજરાતમાં દાઉદી વ્હોરા ઉપરાંત આગાખાન અને અન્ય શિયા પંથીઓની વસ્તી છે. સિદ્ધપુર આસપાસ એ ચેલિયા શિયાપંછથીઓ છે તેમણે ખેતી સાથે હોટલ ઉદ્યોગમાં નામના મેળવેલી છે. હાઈવે પર રૂપકડાં સાંસ્કૃતિક નામો વાળી હોટલોની જે હારમાળા છે અને જે ગુજરાતની પરંપરા મુજબ શુદ્ધ શાકાહારી વાનગીઓ પીરસે છે તે આ શિયાપંથીઓની છે જેમના ધર્મગુરુએ કોમી રમખાણો વખતે બાળી મુકાયેલ આવી હોટેલોને પુનઃ ધબકતી કરી રચનાત્મક ભાઈચારાની એક જબરદસ્ત મિસાલ રજૂ

તંત્રીસ્થાનેથી...

કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ સુન્ની મુસલમાનોની જમાતોમાં ભારે અવિશ્વાસની લાગણી પ્રવર્તી રહી છે. ખાસ તો હિંદુત્વના સમર્થકો દ્વારા ગૌરક્ષાના મુદ્દે જે ઝનૂની વલણ અપનાવાતું રહ્યું છે એથી મુસ્લિમ સમુદાયમાં ફફડાટ વ્યાપેલો છે. તે પોતાને ભાજપ અને મોદીના શાસનમાં અસુરક્ષિત મહેસૂસ કરે છે. આવા માહોલમાં મુસ્લિમ સમાજનો એક ભાગ મોદીને માનભેર મસ્જિદમાં બોલાવે તે વિશ્વ સમુદાયને જરા જુદો જ મૅસેજ પણ છે. અગાઉ ગુજરાતમાં ગોધરા કાંડ પછીની ક્રૂર કત્લેઆમ સંદર્ભે મોદીની ખરડાયેલી ઈમેજ પર પાટાપીંડીનું કામ આ વ્હોરા સમુદાયે જ કર્યું હતું. સૈયદના સાહેબને મોદી શાસન સામે કશો વાંધો ન હતો. વ્હોરા ધર્મગુરુઓની આ રહેમ નજર મોદીને આંતરરાષ્ટ્રીય મંચ પર સર્વધર્મ સમભાવમાં શ્રદ્ધા ધરાવતા નેતા તરીકે પ્રસ્થાપિત થવામાં મદદરૂપ થતી રહી છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે મુસ્લિમ સમુદાયનો સહયોગ જરૂરી માની વડાપ્રધાન પહેલી જ વાર આ રીતે મુસ્લિમ ધર્મસ્થાનમાં જઈ એમના શુભેચ્છક હોવાનો દાવો કરતા દેખાયા. અલબત્ત વર્તમાન, સૈયદના સાહેબે એમને ટોપી પહેરવાનો આગ્રહ ન કર્યો. તસબી આપી અને શાલ ઓઢાડી. શીખોની પાઘડી અને હિંદુઓના સાફા બાંધવામાં ગૌરવ અનુભવતા મોદીએ અમદાવાદ ખાતે મુસ્લિમ ટોપી પહેરવાનો ધરાર ઈન્કાર કરી પોતાની હિંદુત્વની શુદ્ધ ઈમેજનો અહેસાસ કરાવેલો. ઈંદોરની સૈફી મસ્જિદમાં જઈ એમણે ગાંધીજીની મુલાકાતનો હવાલો આપ્યો, વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાનો વ્હોરા સમુદાય અમલ કરતો હોવાની વાત કરી અને પોતે સમુદાય સાથે ગાઢ સંબંધ ધરાવતા હોવાનું જણાવ્યું. શહીદ અલીને ભવ્ય અંજલી આપી. આ બધું મધ્યપ્રદેશમાં આવી રહેલ ચૂંટણીમાં સમુદાયનો સહકાર મેળવવા માટે જ કરી રહ્યા છે એ કોણ નથી સમજતું ? વળી પાછળથી 'આશુરા'ના શોકના દિવસોને ઉજવણી ગણાવવાની પીએમ કાર્યાલયની અક્ષમ્ય ભૂલ પ્રત્યે પણ ધાર્મિક નેતાઓની નારાજગી વ્યક્ત થઈ. છતાં સરવાળે તો મોદીએ પોતાના સામે ઊભા થયેલા વિરોધ વંટોળ વચ્ચે પોતાને એક સમૃદ્ધ મુસ્લિમ સમુદાયનું સમર્થન હોવાની છાપ ઊભી કરી જ છે.

આપણા મનમાં શંકાનો કીડો : 'તો'

મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ભાષાની દૃષ્ટિએ જોઈઓ 'ત' અક્ષર 'દંતસ્થાની' પહેલો વ્યંજન છે. અને આપણા શરીરમાં- મોંમાં રહેતા ૩૨ દાંત એ આપણા પેટના ૩૨ પાચન ગાર્ડ છે. પેટમાં જતા તમામ ઘટકોને ચીરીને, કટકા કરીને પછી જ પેટમાં જમા દે છે. જો કે આ સંદર્ભે 'ત' એ સ્વાસ્થ્ય માટે શુભ દાયક વ્યંજન છે. પરંતુ 'ત' ને જયારે આપણે 'ઓ' સ્વર લગાવીએ છીએ તેનો ઉપ્ચાર 'તો' થાય છે. અને આ 'તો' આપણા જીવનમાં ઘણી હલચલ ઉથલપાથલ મચાવે છે.

મિત્રો, આ 'તો' શબ્દ આપણે દરરોજ અનેક વખત ઉચ્ચારીએ છીએ. પણ આ શબ્દ વિશે આપણે કયારેય ધ્યાનથી વિચારતા હોતા નથી કે જો આ શબ્દ આપણને ભૂતની માફક વળગી ગયો તો આપણા ભાગ્યની, ભવિષ્યની અને આપણી અંદર અદશ્ય રહેલી તમામ ટેલેન્ટના ભાંગીને ભૂક્કા કરી નાખે એવો ખતરનાક આ શબ્દ છે. કેમ કે 'તો' નું DNA 'ત' છે. જે દાંતને સ્પર્શીને સ્પર્શીને નીકળતો હોવાથી તેનામાં કાપવાના, ચીરી નાખવાના સંસ્કાર વારસાગત ઉતરે જ. તેથી આ 'તો' આપણે ડગલેને પગલે ચેતીને ચાલવું જોઈએ.

જો કે જીવનના બીજા ઘણાં પ્રસંગોમાં પણ આ 'તો' પોતાની માયાજાળ પાથરીને બેઠો હો છે જેમ કે 'હું પરીક્ષામાં નાપાસ થઈશ તો ? મારે ટકા નહીં આવે તો ?' વિદ્યાર્થીઓને આવા વિચારો સતત મનમાં આવતા હોય છે અને પછી થાય છે એમ જ... કાં તો એ નાપાસ થાય છે કાં તો ઓછા ટકાએ પાસ થાય છે. ઘણીવાર છોકરાઓ - છોકરીઓને પ્રપોઝ કરતા કરતા ડરતા હોય છે, કેમ કે તેમના મનમાં ડર હોય છે કે 'મને ના પાડશે તો?' અને પછી બને છે પણ એવું જ એ છોકરી સામેથી ના જ પાડે છે.

મિત્રો, આ 'તો' એ નકારાત્મકતાનો સૌથી મોટો કીડો છે. જે આપણા મગજને, ભાવિને, વિચારોને, સપનાઓને સતત ડંખતો જ રહે છે. એમાં ઝેર ભરતો જ રહે છે અને આપણે જીવનભર કોઈ પણ બાબતમાં પહેલા નેગેટિવ જ વિચારીએ છીએ. કોઈ નવી વાત કે વિચારને સ્વીકારતા જ નથી. એની પાછળના કારણોમાં કદાચ એવું ચોક્કસ હશે કે જિંદગીમાં કયારેક શોર્ટકટથી અમીર થવા કોઈ અજાણી સ્કીમમાં રૂપિયા રોક્યા હશે અને એ ડૂબ્યા હશે. અથવા કોઈ એક જ કામમાં બે-પાંચ વખત નિષ્ફળ ગયા હોઈએ. પણ એનાથી આગળ એવું જ થશે 'તો' ? એવું વિચારીને આપણે આગળ વધતા નથી. નવું સ્વીકારતા નથી. અને આપણે જાતે જ આપણા ભાવિને ખૂબ મોટું નુકસાન પહોંચાડીએ છીએ. કેમ કે કદાચ એવું પણ બની શકે કે આપણી સામે આવેલી નવી તક જ આપણું જીવન બદલવાની હોય ! એમાં જ આપણી ખૂબ મોટી સફળતા છૂપાયેલી હોય ! આપણું ભાવિ એમાં જ હોય.

મિત્રો, તો આવો આપણે આપણી અંદર આપણા જ માનસનો, ભાવિનો, સપનાઓનો કબજો કરીને બેઠેલા શંકાના કીડા 'તો' નાશ કરીએ અને આપણી એક નવી દુનિયાનું નવા સ્વર્ગનું નિર્માણ કરીએ જેમાં આપણે અને આપણને ગમતાં લોકો સુખ, શાંતિ અને સમૃદ્ધિ અને સદ્‌ભાવથી રહેતા હોય.

9426060601.india@gmail.com

પાડોશીઓને જાગાડીએ....

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

કમુબેન બોલ્યાઃ અલી ઓ શાંતા.. વાતો કરવામાં તો કેટલો સમય જતો રહ્યો... મને ઉંઘ નહોતી આવતી એટલે બહાર આવી અને તને બોલાવી અને બે કલાક જતા રહ્યા.

શાંતાબેન બોલ્યાઃ બે કલાકમાં આપણે બહુ સારી વાતો કરી. સામેવાળા જશીબેન અને જશોદાબેન બંને ભેગા થઈ કેવી વાતો કરે છે ? આજુબાજુમાં શું થયું ? કોના ઘરે શું થયું ? કોના ઘરે કોણ આવે છે – કોણ જાય છે બધી જ પંચાત... એક પણ વાત સારી નહી. કોઈ સારું જમાડે તો એમ કહે કે વધારાના પૈસા છે. ક્યાંક આડાઅવળા ધંધામાંથી આવે છે અને ન જમાડે તો કહે કે પૈસા હોય તો જમાડે ને...અને જો જમાડે તો પણ ખારું હતું... તીખું હતું... તેલ વધારે હતું... તેલ ઓછું હતું... એટલે મારું કહેવાનું એમ છે કે કમુ આવી વાતો સમાજની પાડોશીની કરી શું લેવાનું ? અમારે તો સ્વામિનારાયણ ધર્મમાં દર રવિવારે ઘરસભા કરવાનું કહ્યું છે. બધાએ ભેગા થઈ ઘરનાએ એકબીજાને મદદ કરવાનું, પ્રોત્સાહન આપવાનું, કામ જ કરવાનું. કોઈના માટે પણ ખરાબ નહી બોલવાનું, કોઈના ત્યાં ખરાબ અથવા સારો પ્રસંગ હોય તો તરત જ પહોંચી જવાનું અને મદદ કરવાની અને ક્યાંક કોઈની ભૂલ હોય તો એને સુધારવા પ્રયત્ન કરવાનો. નહી કે એની નિંદા કરવાની. ઘરસભા કરીને પણ આખા અઠવાડિયામાં થયેલા કામો અને કરવાના કામોની ચર્ચા કરવાની અને પોઝીટીવ થાય એવું કરવું અને સમાજમાં કોઈને નડવું નહી. આપણે બંને ભેગા થઈને ડેન્ગ્યુ વિશે ચર્ચા કરી. જે પોઝીટીવ હતી. ડેન્ગ્યુ આજકાલ સમાજમાં બહુ ખરાબ રીતે લોકોને હેરાન કરી રહ્યો છે. તેના નિવારણ માટે આપણે લોકોએ કંઈક કરવું જોઈએ. એ ભાવ આમાંથી નીકળે છે. ક્યો ટેસ્ટ કઈ લેબોરેટરીમાં સારો થાય છે એમ નહી પણ લોકોને સાચી ખબર પડે એ હેતુથી આપણે વાત કરીએ છીએ...

કાર્ડ ટેસ્ટ એટલે પેપરટોમેટોગ્રાફી અને એલાઈઝા ટેસ્ટ વાત માટે આપણે વાતો કરી. બંને ટેસ્ટ જેમ કહ્યું તેમ સાચા જ છે. પણ દરેક પદ્ધતિની પોતાની મર્યાદા હોય છે. એલાઈઝા વધારે સચોટ છે. અને સરકાર માન્ય છે એવી વાત આપણે કરી. એમાં ક્યાંય કોઈનું પણ ખરાબ જણાવ્યું નથી. જે લેબોરેટરીની જેવી શક્તિ હોય તે પ્રમાણે જે પ્રમાણે એમના ટેકનેશિયન હોય એ પ્રમાણે એ લોકો ટેસ્ટ કરે. કમુએ કહ્યું... શાંતાબેન તમારી બધી વાત સાચી, તમારી પાસે બેસવાથી બહુ જ સારી વાતો જાણવા મળે છે. તમે કોઈનુંય પમ ખરાબ બોલતા નથી અને ખોરાબ બોલતા નથી એટલે ખરાબ કોઈનું કરતાં પણ નહી હોવ. પણ શાંતાબેન આપણે સારું બોલીએ, કોઈનું ખરાબ ન બોલીએ એના કરતાં એક એવું ન થાય કે આપણી પાસે જે સમય છે એનો સદ્‌ઉપયોગ કરી આપણા સેક્ટરમાં બાકી રહેલા સેક્ટરોમાં અને ગાંધીનગર અને શક્ય હોય તો એક નાની ટીમ બનાવી ગામડામાં જઈને ડેન્ગ્યુ, મેલેરિયા, ચિનકગુનિયા વગેરે માટે લોકોને સમજ આપીએ. ડેન્ગ્યુ, મેલેરિયા જેવા જીવલેણ રોગ ન જ થાય એ માટે લોકોને સમજ આપીએ. શાંતાબહેને કહ્યું, અરે કમુ તું ભણેલી નથી, પણ ગણેલી છે. તારા વિચારો સાચા છે. આવું જ અને આવાં જ વિચારો સમાજમાં કંઈક નવી જ ચેતના જગાડી શકે છે. રોટરી અને લાયન્સ આ જ કારણોથી સ્થપાયેલી છે. રોટરી વિશે તને ખબર છે, રોટરીની સ્થાપના કઈ રીતે થયેલી ? ચાર મિત્રો ભેગા થયા, રોજ વાતો કરતાં હતા એમાંથી એક વિચાર આવ્યો કે સમાજમાં કંઈક સારું કરવું છે. અને એ વિચાર લઈને આજે દુનિયામાં રોટરી બહુ જ સારું કામ કરી રહી છે. એટલે આપણે પણ પહેલા જાતે તૈયાર થઈ, થોડું જ્ઞાન લઈ એટલે કે આ રોગો વિશે જાણકારી લઈ મેલેરિયા વિભાગમાં જઈ પૂરેપૂરી સમજ લઈએ. ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા કેવી રીતે થાય છે એ પહેલાં આપણે સમજીએ અને પછી આ વાતનું આપણી સહેલીઓમાં એ મેળવેલું જ્ઞાન પહોંચાડીએ અને પછી એક નાની ટીમ બનાવી રોજના બે કલાક આપણા સમાજ માટે આપણે આપીએ.

કમુબેન બોલ્યાઃ શાંતાબેન આ તો ખૂબ સરસ વાત છે. આજથી જ આપણે શરૂઆત કરીએ. કાલે જ મેલેરિયા વિભાગમાં જઈ મેલેરિયાની, ડેન્ગ્યુની, ચિકનગુનિયાની સાચી હકીકત જાણી પછી લોકોમાં એ જાણકારી આપીએ કે શું ધ્યાન રાખવાનું ? મેલેરિયા, ચિકનગુનિયા, ડેન્ગ્યુ ન થાય તે માટે શું કરવું જોઈએ એની જાણકારી સમાજ સુધી પહોંચાડીએ.

શાંતાબહેને કહ્યું- લોકોને આમ તો ખબર જ છે પણ લોકો કરતાં નથી. એટલે લોકોને સમજાવી શું કરવું જોઈએ એ સાથે લોકો એ પ્રમાણે અનુસરે એવું કરવા માટે ખાસ અનુરોધ કરીએ. જેમ આગળ પણ કહ્યું હતું કે પાન-મસાલા, ગુટખા કે કચરો ખાઈને જ્યાં ત્યાં ફેંકી દેતા હોય છે. એ જ રીતે આ જ માણસો અમેરિકામાં ચિંગમ ખાધા પછી ચિંગમ ઉપર રહેલું કાગળ અથવા તો જ્યારે ચિંગમને ફેંકવાની હોય ત્યારે મોંમાંથી એ ચિંગમ કાઢીને પોતાના ખિસ્સામાં મૂકી કચરા ટોપલીમાં ફેંકતા હોય છે. કેમ ? કે જો તે પકડાય તો સારા એવા ડૉલર ખિસ્સામાંથી જતા હોય છે. જ્યારે અહીં દંડની જોગવાઈ તો છે જ પણ લોકો ગમે તે ખાઈ ગમે ત્યાં ફેંકતા હોય છે. આ તો એક ઉદાહરણ છે. આ સિવાય ઘરમાં ચોખ્ખાઈ રાખવાની પહેલા તો બહેનોએ ફ્રીજ કેમ ચોખ્ખું રાખવું એની સમજણ નથી પડતી. તમે ફ્રીજ ખોલો તો એમાંથી દુર્ગંધ આવતી હોય છે. ઘણા વખતથી ફ્રીજમાં ખાવાની વસ્તુઓ પડી પડી સડતી હોય છે. એમાં ભેજને લીધે મચ્છર, લારવા પેદા થતાં હોય છે. પાણીની ટાંકીઓ ક્યારેય પણ સાફ કરતા નથી. જેમાં નીચે બેસેલો કાદવમાં મચ્છરો પેદા થતાં હોય છે. ઘરની આજુબાજુ નાનાં-નાનાં ખાડા પડેલા હોય છે જેમાં મચ્છરો પેદા થતા હોય છે. સ્કૂટર અથવા ગાડીના ફેંકેલા ટાયરો જે ધાબા પર પડ્યા હોય છે તેમાં પાણી ભરાઈ રહે છે તેમાં પણ મચ્છરો પેદા થાય છે. બગીચાનો શોખ આજકાલ લોકોને ખૂબ જ હોય છે. ઘરમાં સારા એવાં પ્રમાણમાં માટીના કૂંડામાં ફૂલછોડ ઉગાડતા હોય છે જેમાં સફાઈના અભાવે મચ્છરો ઉત્પન્ન થાય છે. આવી નાનીનાની વસ્તુઓ જે લગભગ બધાને ખબર છે પણ એનું નિરાકરણ લાવતા નથી. આપણે ઘરે ઘરે ફરી આપણે જાતે જ આ બધી વસ્તુઓ બહેનોને સમજાવી સાફ કરાવવાની. મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા વિશે સમજ આપવાની. અને તાવ આવે ત્યારે શું – શું કરવું એની સમજ આપવાની. સારો વિચાર છે કમુ... તો ચાલ આજથી શરૂ કરીએ. આપણા સેક્ટરની આજુબાજુના પડોશીઓને આજથી જગાડીએ..

ખુલ જા સીમ સીમ !

રઝળપાટ

અજય ઉપાધ્યાય

એ પ્રાથમિક સ્કુલમાં પણ નાપાસ...અને એ પણ એક વાર નહિ પણ બે બે વાર... જેમતેમ પ્રાથમિક પાસકરીને મિડલ સ્કુલમાં ગયો તો ફેલ્યોરનો ફિગર વધુ મોટો થઈ ગયો... મિડલ સ્કુલમાં ત્રણ વાર ફેઈલ...! જેમતેમ સ્કૂલ ખત્મ કરીને કોલેજમાં પ્રવેશ મેળવવાની કોશિશ કરી તો ત્યાં પણ 'ફેલ્યોર જીન' હાજર...ભાઈશ્રી ત્યાં પણ એન્ટ્રન્સ એકઝામમાં ત્રણ વાર ફેઈલ...! જગવિખ્યાત હાવર્ડમાં એપ્લાય કર્યું અને ૧૦ – ૧૦ વાર એડમીશન એપ્લીકેશન રીજેક્ટ...! વેઈટ વેઈટ... વાત ખાલી કોલેજ કે યુનીવર્સીટીના એડમીશન પુરતી જ નથી પણ ભાઈ જ્યારે નોકરી શોધવા નીકળ્યા તો નસીબની બલિહારી જુઓ કે જગવિખ્યાત ફૂડ કંપની કેએફસી ચીનમાં આવી ત્યારે નોકરી માટે ૨૪ લોકોના ઈન્ટરવ્યુ થયા... જેમાંથી ૨૩ સિલેક્ટ થઈ ગયા અને રીજેક્ટ થયો તો આ એક માત્ર જે પ્રાથમિક શિક્ષણથી જ જીંદગીમાં રીજેક્ટ થતો આવેલો...! ઈનફેક્ટ શિક્ષણ અને નોકરીની વાત છોડો પણ જ્યારે ખુદનો બિજનેસ શરુ કર્યો તો એમાં પણ શરૂઆતી બીજનેસમાં ફેઈલ....! હવે તમને એમ થશે કે આટઆટલી પછડાતો ખાધા પછી તો આ ભાઈ શેના ઉભા પણ થઈ શક્યા હશે...? પણ, ના આટઆટલી નિષ્ફળતાઓ પોતાના પોર્ટફોલીયોમાં સાચવી રાખેલો આ માણસ આજે એશિયાનો સૌથી ધનિક વ્યક્તિ છે અને દુનિયાના ટોચના ધનિકોમાં સ્થાન પામે છે...! વાત છે નિષ્ફળતામાંથી સફળતાને ખુલ જા સીમ સીમ કહેનાર 'અલીબાબા' ના સ્થાપક જેક માં ની..!

'અલીબાબા' ઈ-કોમર્સ બિજનેસનો સ્થાપક જેક એટલા માટે યાદ આવ્યો કે હમણાં જ એણે જે કંપનીને પોતે ખુનપસીનાથી મહાન અને જગપ્રસિદ્ધ બનાવી છે એના ચેરમેનપદેથી હટવાની જાહેરાત કરીને બધાને ચોકાવી દીધા...ચોકાવી એટલા માટે દીધા એમ કહી શકાય કે જેકની ઉમર હજુ માત્ર ૫૪ વર્ષની જ છે અને આવતા સપ્ટેમ્બરમાં ૫૫ થતા જ ચેરમેન નહિ રહે, જો કે 'અલીબાબા' ના બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં રહેશે પણ આજે જ્યારે કબરમાં પગ લટકતા હોય છતાં લોકો ચેરમેનશીપ નથી છોડતા એવામાં જેકનો આ નિર્ણય સલામી યોગ્ય છે...!! એનીવેઝ... જેક તો એક મધ્યમવર્ગીય પરિવારમાં જન્મેલો, ભણવામાં પણ આગળ લખ્યું એમ કાઈ ખાસ ઉકાળે એમ હતો નહી પણ એને અંગ્રેજી શીખવાનું જબરદસ્ત ઘેલું લાગેલું. જેમ આગળ જતા એને ઈન્ટરનેટ ભવિષ્યનો બિજનેસ છે એવી સ્ફૂરણા થવાની હતી એમ નાની ઉમરમાં જ એને થયું કે આગળ વધવા માટે અંગ્રેજી પાવરફુલ હોવું જોઈએ. એ સમયે ચીનમાં મુખ્ય ભાષા ચીની જ હતી અને ટ્યુશન રાખવાના પૈસા તો હતા નહિ એટલે ૧૩ વર્ષનો જેક રોજ સાઈકલ લઈને એક ફાઈવસ્ટાર હોટેલ પહોચી જતો કે જ્યાં વિદેશી ટુરીસ્ટો ઉતરતા, જેક એમનો ગાઈડ બનતો અને બદલામાં અંગ્રેજી શીખતો.૯ વર્ષ ગાઈડ બનેલા જેકનું અંગ્રેજી કડકડાટ થઈ ગયું. આવા જ કોઈ એક મિત્ર બની ગયેલા ટુરીસ્ટે બોલવામાં અઘરું એવું જેકનું અસલી નામ 'માયુંન' ની બદલે એને જેક કહેવાનું શરુ કર્યું અને એ જ એનું નામ બની ગયું...!

ગાઈડના કામે શીખેલા અંગ્રેજીના પ્રતાપે ગ્રેજ્યુએટ થયેલા જેકને અનેકો રિજેક્ટેડ જોબ્સ પછી અંગ્રેજી શિક્ષકની નોકરી તો મળી પણ જેક ને તો કૈક કરી બતાવવું હતું, શિક્ષકની નોકરી છોડીને જેકે એક ટ્રાન્સલેશન સેન્ટર ખોલ્યું. આ સેન્ટરમાં અંગ્રેજીમાંથી ચીની અને ચીની ભાષામાંથી અંગ્રેજીમાં અનુવાદનું કામ કરવામાં આવતું હતું. ૯૪-૯૫મા જેક ધંધાના કામે અમેરિકા ગયા અને આ અમેરિકા મુલાકાતે એમના જીવનની દિશા બદલી નાખી. ત્યાં જ જેકે પ્રથમ વાર કોમ્પ્યુટર અને ખાસ તો ઈન્ટરનેટ વિષે જાણ્યું કેમકે ચીનમાં તો ઈન્ટરનેટ સાવ અજાણી ચીજ હતી. ઈન્ટરનેટ સાથે ઓળખાણ કરાવનાર મિત્ર સ્ટુઅર્ટે જેકને કહ્યું આમાં જે માંગો એ મળે, જેકે ચીનના બીયર (રીછ) વિષે સર્ચ કર્યું પણ દુનિયા આખીના રીછ વિષે માહિતી આવી પણ ચીનના રીંછ વિષે નો રીઝલ્ટ...! જેક ને લાગી તો આવ્યું પણ એની સાથે સાથે એના દિમાગમાં ઈન્ટરનેટથી ચીનમાં વેપાર કરવાનો પાયો નંખાય ગયેલો. ૧૯૯૬મા જેકે ચીન પહોંચતા પોતાના મિત્રોનો સહયોગ લઈને ચીન વિશે જાણકારી આપતી પહેલી વેબસાઈટ બનાવી 'અગ્લી'. ચીનની એ પહેલી ઓનલાઈન ડિરેક્ટરી હતી. ચીનમાં એની ખુબ ચર્ચા પણ થઈ અને શરુ થયાના થોડા કલાકોમાં ખુબ ઈન્કવાયરી પણ આવી, પરિણામે જેક ચીનમાં મિસ્ટર ઈન્ટરનેટના નામથી જાણીતા થયા. પણ એ સમયે ચીનમાં બહુ ઓછા ઘરોમાં ઈન્ટરનેટ હતું પરિણામે થોડા સમય પછી આ ચાઈના પેજ થયું બંધ..! પણ જેક ને રસ્તો મળી ગયેલો ઈન્ટરનેટથી વેપાર કરવાનો અને આવનારા વર્ષોમાં એજ થવાનું હતું...!

હિમત હાર્યા વગર પત્ની અને મિત્રોના ૨૦૦૦૦ ડોલરના રોકાણ સાથે જેકે 'ચાઈના યેલો પેજીસ' નામની કંપની બનાવી કે જે બીજી કંપનીઓ માટે વેબ્સાઈટ બનાવતી હતી પણ આ કંપની ને પણ તાળા લાગી ગયા. જેકે વાણીજ્ય મંત્રાલયમાં નોકરી તો સ્વીકારી લીધી પણ કશુક કરવાનો કીડો એને એમ જંપવા દે એમ હતો નહી. અંતે ૧૯૯૯મા ૧૭ જેટલા દોસ્તોને ઈ-કોમર્સ સાઈટ શરુ કરવા સમજાવીને અને ૮૦ દોસ્તો પાસેથી ભેગા કરેલા ૬૦ હાજર ડોલરની રકમથી શરુ થઈ 'અલીબાબા' ની સફર...! થોડા વખત પહેલ આ જ કોલમમાં એમેઝોન ના જેફ બેજોસની સફળતાની વાત કરેલી. જેક અને જેફ ની સંઘર્ષગાથા ઓલમોસ્ટ મળતી આવે છે. ઈનફેક્ટ જેક ને તો શરૂઆતમાં કોમ્પ્યુટરનું બિલકુલ જ્ઞાન હતું નહિ જો કે પછીથી એણે એ જ ઈન્ટરનેટને માધ્યમ બનાવીને વિશાલ ઈ-કોમર્સ સામ્રાજ્ય ઉભું કર્યું. જો કે, કંપનીની શરુઆત એટલી સારી ન હતી કેમકે પહેલાં ત્રણ વર્ષ સુધી કોઈ નફો થયો નહીં. એનું કારણ હતું ઓનલાઈન પેમેન્ટની કોઈ પદ્ધતિ જ ન હતી અને ઉપરથી કોઈ બેંક તેમની સાથે કામ કરવા તૈયાર ન હતી. આનો ઉકેલ લાવવા જેકે સ્વતંત્ર પેમેન્ટ સિસ્ટમ 'અલી પે' નામથી ડેવલપ કરી. સૌએ આની હાંસી ઉડાવી. પણ આજે દુનિયાભરમાં લગભગ ૮૦ કરોડ લોકો 'અલી પે'નો ઉપયોગ કરે છે.

ચીને પોતાની બજારમાં વિદેશી કંપનીઓને લગભગ નોએન્ટ્રી આપેલી એનો જેકે ભરપુર લાભ ઉઠાવ્યો. ચીનની કોમ્યુનીસ્ટ સરકારને પોતાનામાભરોસો મુકાવીને જેકે એમેઝોન જેવી કંપની માટે પણ ચીનમાં કોઈ જગ્યા બચાવી નહિ.અને ચીનની વિશાળ કન્ઝ્યુમર માર્કેટમાં જુદા જુદા રૂપે પગ જમાવ્યો. આજે ચીનમાં ૬૦ કરોડ નેટયુઝર્સ છે. અલીબાબા ગ્રુપ ચીનની સૌથી મોટી શોપિંગ વેબ્સાઈટ 'ટાઓબાઓ' ચલાવે છે એટલું જ નહિ પણ 'અલીએક્સપ્રેસ' નામે નાના વેપારીઓને પ્લેટફોર્મ પૂરું પડતી રીટેલ સાઈટ, 'ફ્લીગી' નામે ઓનલાઈન ટ્રાવેલ પ્લેટફોર્મ, 'લઝાડા' નામે સિંગાપોર, મલેશિયા, ફિલીપાઈન્સ, થાઈલેન્ડ માં રીટેલ સાઈટ, 'ઈલેવન મેઈન' નામે અમેરિકન ઓનલાઈન સ્ટોર,ચલાવે છે. કલાઉડ કોમ્પ્યુટીંગ માં પણ અલીબાબા છે તો પેમેન્ટ માટે 'અલી પે' છે તો મનોરંજન ક્ષેત્રે અલીમ્યુઝીક, અલીબાબા પિક્ચર્સ પણ છે. 'અલીહેલ્થ', 'અલીસ્પોર્ટ્સ' ઉપરાંત પ્રકાશન અને ઈન્વેસ્ટમેન્ટ ફંડ ક્ષેત્રે પણ જેક ની હાજરી છે. બે દશકોની અંદર જ એમની કંપની દુનિયાની વિશાળકાય કંપનીઓમાં શામિલ થઈ ગઈ હતી. અત્યારે એમની કંપનીની વેલ્યુ લગભગ ૪૨૦.૮ અરબ ડોલર (લગભગ ૩૦,૨૮૪ અરબ રૂપિયા) છે. ચીનમાં તો એ ભગવાનની જેમ પૂજાય છે. ભારતની વાત કરીએ તો અલીબાબા 'પેટીએમ' ના ' પેટીએમ મોલ' અને 'બીગ બાસ્કેટ' માં ભાગ ધરાવે છે અને મુકેશભાઈની રિલાયન્સ રીટેલમાં હિસ્સો ખરીદવાની વેતરણમાં છે. આવો જેક આવતા વર્ષે રીટાયર તો થઈ જશે પણ એ પછી પણ લોકોને શિક્ષણ આપવાના પોતાના મૂળ શોખ પર વધુ કામ કરવાનો છે આ માટે જેકે ૨૦૧૪માં જ પોતાને નામે શિક્ષણ ફાઉન્ડેશનની રચના કરી છે જે શિક્ષણ ક્ષેત્રને સમર્પિત એક સખાવતી સંસ્થા છે...મૂળ શિક્ષક જીવ ખરો ને...!